# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 23-01-2025 Day: Thursday Morning: 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## મહારાષ્ટ્ર-જલગાવ-ટ્રેન અકસ્માત

મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના પચોરા તાલુકામાં એક ટ્રેન અકસ્માતમાં 12 લોકોના મોત થયા છે. આમાં ત્રણ મહિલાઓ અને એક દસ વર્ષનો બાળક શામેલ છે.

કોચમાં આગ લાગી હોવાની અફવાના કારણે પુષ્પક એક્સપ્રેસના મુસાફરો ચેઇન ખેંચીને ટ્રેનમાંથી નીચે ઉતરી ગયા હતા. આ મુસાફરો કર્ણાટક એક્સપ્રેસ સાથે અથડાતા આ અકસ્માત સર્જાયો હતો.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું અને મૃતકોના પરિવારજનોને 5 લાખ રૂપિયાનું વળતર અને ઘાયલોને મફત સારવાર આપવાની જાહેરાત કરી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ગૃહમંત્રી અમિત શાહે પણ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જલગાંવમાં થયેલી રેલ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઘાયલોને ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી.

-----------------------------------------------------------------------------------

## કેન્દ્રીય મંત્રી-અમિત શાહ

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે રાજ્યના એક દિવસના પ્રવાસે આવી રહ્યાં છે. તેઓ અમદાવાદમાં સાત અને સુરતમાં વિવિધ વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

આજે સવારે તેઓ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી મેદાન ખાતે હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળાનું ઉદ્ઘાટન , ત્યાર બાદ સુરતમાં શ્રી બાબુલાલ રૂપચંદ શાહ મહાવીર કેન્સર હોસ્પિટલ અને શ્રી ફુલચંદભાઈ જયકિશનદાસ વખારિયા સેનેટોરિયમનું ઉદ્ઘાટન કરશે.

સુરતના કાર્યક્રમ બાદ તેઓ અમદાવાદ મહાનગરપાલિકા અને રેલવે દ્વારા તૈયાર કરાયેલી વિવિધ વિકાસલક્ષી યોજનાઓનું લોકાર્પણ કરશે, જેમાં અમદાવાદ મનપા અને રેલ્વે વિભાગ દ્વારા બનાવવામાં આવેલા ડી-કેબિન અંડરપાસ અને ચૈનપુર અંડરપાસનું ઉદ્ઘાટન કરશે.

જળ સંચય અભિયાન હેઠળ રાણીપ વોર્ડની અદ્વૈત સોસાયટીમાં પરકોલેટીંગ વેલના બાંધકામ નો શિલાન્યાસ, રાણીપ વોર્ડમાં આરસીસી બોક્સ ડ્રેનેજનું ખાતમુહૂર્ત કરીને AMCના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે . જ્યારે પ્રવાસના અંતે તેઓ CIMS રેલ્વે ઓવરબ્રિજ નીચે બનેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને ખુલ્લું મુકશે.

--------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-નંદઘર

લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેકનોલોજીના ઉપયોગથી રાજ્યમાં નવી ૬૦૭ આંગણવાડી-નંદઘરનું નિર્માણ કરાશે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી નિર્માણ કાર્યનો ડિજિટલ શુભારંભ કરાવ્યો હતો.

રાજ્ય સરકારના સાહસ GSPC તથા તેની ગ્રુપ કંપનીઓ દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી CSR અંતર્ગત આંગણવાડીઓનું અદ્યતન સુવિધાઓ સાથે નિર્માણ થશે.. વિકસિત ગુજરાતથી અગ્રીમ રહેનારી ભાવિ પેઢીનો મજબૂત પાયો નાખવાનું કામ આંગણવાડી કેન્દ્રો કરશે તેમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું. બાળકને આંગણવાડીમાં નિયમિત આવવાની પ્રેરણા થાય તેવું પ્રોત્સાહક વાતાવરણ બનાવવા અદ્યતન , સુવિધાસભર, ગુણવત્તાયુક્ત આંગણવાડીઓના નિર્માણ માટે રાજ્ય સરકાર પૂરતું ભંડોળ આપશે.

--------------------------------------------------------------------------------

## ધો. ૧૦,૧૨-ટોલ ફ્રી નંબર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-10 અને 12 ની પરીક્ષા માટે ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર 1800-233-500 જાહેર કરવામાં આવ્યો છે. વિદ્યાર્થી , વાલી અને શાળાના માર્ગદર્શન માટેનો હેલ્પલાઈન નંબર 27 જાન્યુઆરી થી 17 માર્ચ સુધી સવારે 11 કલાકથી સાંજે 6 કલાક દરમિયાન કાર્યરત રહેશે. જેમાં નિષ્ણાંત કાઉન્સેલર તેમજ મનોચિકિત્સક દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે એમ યાદીમાં જણાવાયું છે.

--------------------------------------------------------------------------------

## પ્રજાસત્તાક પર્વ-ગુજરાત

નવી દિલ્હીમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં ગુજરાત તરફથી 'ગુજરાત- આનર્તપુરથી એકતાનગર સુધી – વિરાસતથી વિકાસના અદ્ભુત સંગમ 'ની વિષયવસ્તુ આધારિત ઝાંખી રજૂ કરાશે. ગુજરાતની ઝાંખીમાં ૧૨-મી સદીના વડનગર એટલે કે આનર્તપુરના 'કીર્તિ તોરણ' થી લઈને ૨૧-મી સદીના 'સ્ટેચ્યુ ઓફ યુનિટી 'ના રાજ્યના સાંસ્કૃતિક વારસાની સાથે સંરક્ષણ-

**ટેકનોલોજી-ઓટોમોબાઇલ અને ઉત્પાદન ક્ષેત્રે રાજ્યની 'આત્મનિર્ભરતા' ના વિવિધ વિકાસના પ્રકલ્પોનું અસરકારક નિદર્શન કરવામાં આવ્યું છે.**

---

## ક્રિકેટ

**ભારતે ઇંગ્લેન્ડને પ્રથમ ટી ટ્વેંટી મેચમાં ૭ વિકેટે પરાસ્ત કરી પાંચ મેચની શ્રેણીનો વિજયી પ્રારંભ કર્યો છે. કોલકાતા ખાતેની પ્રથમ ટી ટ્વેંટી મેચમાં ઈંગ્લેન્ડના ૧૩૨ રનના જવાબમાં ભારતે ૩ વિકેટના ભોગે ૧૩૩ રન કરી મેચ જીતી લીધી હતી.**

---

## માંડવી-રવિ પાક

**માંડવી તાલુકામાં શિયાળા પાક સાથે સારા ભાવ મળતાં ગત વર્ષની સરખામણીએ વાલનું બમણું વાવેતર કરાયું છે. તાલુકામાં ઘઉં, તલ, જીરુ, એરંડા સહિતના પાકો સાથે વાલના મબલખ પ્રમાણમાં વાવેતર કરાયું છે.**

---